## જન્મદિને વધામણી



બિના ક્લેશ રાજપુત
(૨૫-૧૦-૧૯૭૨)



વિપિનભાઈ એ ઓઝા
પ્રમુખ, શ્રીમાળી બ્રાહ્મણ સમાજ, ગાંધીનગર
સભ્ય, સદ્વાંચન પરિવાર
મો. ૮૪૮૮૯ ૦૩૫૭૯

# આપણા મલકમાં તનડું નાચે... મનડું નાચે...





તસવીર – કમલેશ શાહ

ગાંધીનગર શહેરમાં સેવાકાર્યોની અનોખી મિસાલ ધરાવતી સંસ્થા 'સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા' દ્વારા નવરાત્રી અને સાંસ્કૃતિક કૃતિઓની પરાકાષ્ટારૂપે 'હાલોને આપણા મલકમાં' નામક સાંસ્કૃતિક કાર્યક્રમનું શુક્રવારે રાત્રે આયોજન કરવામાં આવ્યું હતું. થનગનાટ ગરબા ગ્રાઉન્ડ, સૅક્ટર-૧૧ ખાતે આયોજિત આ કાર્યક્રમ દર્શકો માટે વિનામૂલ્યે યોજવામાં આવ્યો હતો. અને તેમાં ગુજરાતની અસલ સંસ્કૃતિને ઉજાગર કરતી નૃત્યકૃતિઓ - રાસ, પ્રાચીન ગરબો, અર્વાચીન ગરબો, અડિંગો, દાંડિયા રાસ, ગોફ રાસ, હૂડો, રાસડો, ચલતી રાસ, માંડવડી, મણિયારો, ખેડૂત રાસ, મિશ્ર રાસ - રજૂ કરવામાં આવી હતી. શક્તિપરા માલધારી રાસ મંડળ, સુરેન્દ્રનગર, જય અંબે ગરબી મંડળ, લુંબિયાણી, ઉપલેટા, સપ્તક ફોક ડાન્સ ગ્રુપ, ગોંડલ, જેસીંગપરા રાસ મંડળ, અમરેલી અને પોલીસ રાસ મંડળ, જામનગર જેવાં સાંસ્કૃતિક જૂથોએ આ કૃતિઓ અફલાતૂન રીતે પ્રસ્તુત કરીને પ્રેક્ષકોની અઢળક વાહવાહી પ્રાપ્ત કરી હતી. જેટલો ઉત્સાહ કલાકારોનો હતો એટલો જ ઉત્સાહ પ્રેક્ષકોના ચહેરા ઉપર પણ જોવા મળ્યો હતો અને અહીં દેખાતા કલાકારોની જેમ પ્રેક્ષકો પણ મનોરંજનના અનોખા આનંદથી ઉછળી પડ્યા હતા.

## દશેરાની ઉજવણી નિમિત્તે સંસ્કાર ગૃપ દ્વારા એસટી બસ અને વાહકોનું પૂજન કરાયું

ગાંધીનગર, તા. ૨૪

બાળકોની પ્રવૃત્તિમાં રત ગાંધીનગરની વિશિષ્ટ સંસ્થા સંસ્કાર ગૃપ દ્વારા દશેરા પર્વની ઉજવણી વિશિષ્ટ રીતે કરવામાં આવી હતી.

દશેરાના દિવસે સામાન્યતઃ લોકો દ્વારા પોતાનાં વાહનોનું પૂજન કરવામાં આવતું હોય છે. સંસ્કાર ગૃપ દ્વારા આ જ શિરસ્તાને વિસ્તાર આપીને જાહેર પરિવહનનાં વાહનોનું પૂજન કરવાનો કાર્યક્રમ દશેરા નિમિત્તે યોજવામાં આવ્યો હતો. કારણ કે જાહેર પરિવહનનાં વાહનો એ પણ આપણાં સૌનાં વાહનો છે. જાહેર પરિવહન ક્ષેત્રે કાર્યરત કર્મચારીઓનું રક્ષણ થાય, વાહનોમાં બેઠેલા મુસાફરોનું રક્ષણ થાય અને કોઈ અઘટિત ઘટના તેમની સાથે ન બને તેવી શુભ કામના સાથે આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

ગાંધીનગર એસટી ડેપો ખાતે સંસ્કાર ગૃપના પ્રમુખ તુષાર દવે સહિત સભ્યો દ્વારા શહેરી તથા ગ્રામ્ય વિસ્તારની બસનું પૂજન કરવામાં આવ્યું હતું તથા ડ્રાઈવર્સ, કંડક્ટર્સને પણ તિલક કરવામાં આવ્યાં હતાં, મીઠાઈ ખવડાવીને તેમનું મોં પણ મીઠું કરાવવામાં આવ્યું હતું. એસટી કર્મચારીઓ આ નવતર પ્રયોગથી આનંદ પામ્યા હતા.

## વહેલી સવારે આકાશમાં સુંદર નઝારો દેવાસુર ગુરુઓનું મનોહારી મિલન




ગાંધીનગર, તા. ૨૪

આકાશ દર્શનના શોખીને માટે આજકાલ વહેલી સવારે આકાશમાં સુંદર નઝારો સર્જાય છે. દેવાસુર ગુરુઓનું મનોહારી મિલન આજકાલ આકાશમાં જોવા મળે છે.

'ગાંધીનગર સમાચાર'ના વાચક ગૌતમ આચાર્યએ આ બાબતની માહિતી આપતાં જણાવ્યું છે કે આકાશમાં પૂર્વ દિશામાં વહેલી સવારે ચાર વાગ્યાથી લઈને ઉષાનો ઉજાસ વધુ તેજસ્વી બને ત્યાં સુધી મૃગથી લઈને સિંહ રાશિના તેજસ્વી તારાઓ સાથે સૂર્યમાળાના બે સૌથી તેજસ્વી ગ્રહો - ગુરુ અને શુક્ર સુંદર રીતે જોઈ શકાય છે. આ બંનેના પ્રમાણમાં ઓછો તેજસ્વી પરંતુ પોતાના લાલ રંગને કારણે તરત ઓળખાઈ જાય તેવો મંગળ ગ્રહ પણ અવકાશમાં જોઈ શકાય છે.

હાલ શુક્ર સૌથી ઉપર છે, તેની નીચે સ્હેજ ઉત્તર તરફ ગુરુ છે અને તેનાથી પણ નીચે મંગળ છે. શુક્ર દરરોજ નીચે સરકતો જાય છે અને તા. ૨૫મીની સવારે તે ગુરુની પાસે પહોંચી જશે તેથી આ બંને તદ્દન નજીક જોવા મળશે. એ પછી શુક્ર ગુરુથી આગળ નીકળી જશે અને એ રીતે આગળ ઝતાં તે આગામી તા. ૩ નવેમ્બરના રોજ મંગળ ગ્રહને આંબી જશે. હાલ આકાશમાં પાંચેય ગ્રહોને નરી આંખે જોઈ શકાય છે. મંગળ, બુધ, ગુરુ અને શુક્ર વહેલી સવારે પૂર્વમાં અને શનિ સાંજે સૂર્યાસ્ત પછી પશ્ચિમમાં વૃશ્ચિક મંડળની ઉપર એકાદ કલાક માટે જોઈ શકાય છે. બુધને જોવા માટે બાયનોક્યુલરનો ઉપયોગ કરવો પડે કારણ કે તે કદમાં ખૂબ નાનો છે. અલબત્ત, એની ચમક હીરા જેવી તેજસ્વી છે, જેના કારણે તે ખરતો તારો હોય એવો લાગે છે. અલબત્ત, આ કારણે તેની ઓળખ આસાનીથી થઈ શકે તેમ છે.

## લોહાણા યુવા સંગઠન દ્વારા ગાંધીનગરથી વીરપુર પદયાત્રા ૨૦થી ૨૯ નવેમ્બરે

ગાંધીનગર, તા. ૨૪

લોહાણા યુવા સંગઠન દ્વારા ગાંધીનગરથી વીરપુર સુધીની પદયાત્રાનું આયોજન આગામી નવેમ્બર માસ દરમ્યાન કરવામાં આવ્યું છે.

સંગઠનના મંત્રી જિજ્ઞેશ પી મજીઠિયાએ આ અંગેની અખબારી યાદીમાં જણાવ્યું છે કે લોહાણા યુવા સંગઠન દ્વારા પ્રતિવર્ષ ગાંધીનગરથી વીરપુર સુધીની આ પદયાત્રાનું આયોજન કરવામાં આવે છે, જેમાં યુવાઓ ઉત્સાહપૂર્વક જોડાય છે. એ જ ક્રમમાં આ વખતે પણ તા. ૨૦ નવેમ્બરથી ૨૯ નવેમ્બર દરમ્યાન આ યાત્રા યોજવામાં આવી છે.

આ પદયાત્રામાં જોડાવા ઈચ્છતા પદયાત્રીએ પ્રવેશ ફોર્મ તથા આ અંગેની વધુ જાણકારી માટે જલારામ ધામ, સૅક્ટર-૨૯ ખાતે મૅનેજર (ફોનઃ ૨૩૨૨૩૬૧૪)નો સંપર્ક કરવો, એમ આ અખબારી યાદીમાં જણાવાયું છે.

ઉપરાંત સંસ્થાના આ ભગીરથ કાર્યમાં તન, મન, ધનથી સેવા આપવા ઈચ્છતા દાતાઓ, સેવકોને પણ આ કાર્યક્રમમાં સામેલ થવા માટે સંસ્થા દ્વારા અપીલ કરવામાં આવી છે.

## સૅક્ટર-૭ એ વસાહત મંડળ દ્વારા દશેરા પર્વની ભવ્ય ઉજવણી કરાઈ



ગાંધીનગર, તા. ૨૪

સૅક્ટર-૭ એ વસાહત મંડળ દ્વારા આયોજિત નવરાત્રી પર્વની ઉજવણીના અંત ભાગમાં ઈનામોત્સવ દશેરાના દિવસે યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

નવરાત્રીની નવ રાતો દરમ્યાન ભાતીગળ ગરબાનું સુંદર આયોજન કરાય બાદ છેલ્લા નોરતે ઉપસ્થિત તમામ વ્યક્તિઓને લ્હાણી વહેંચવામાં આવી હતી.

દશેરાના દિવસે આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમમાં 'એક ડાળનાં પંખી' ટીવી સિરિયલના કલાકારોએ 'ઝટપટ મૅરેજ બ્યુરો' નાટક ઉપરાંત હાસ્ય કાર્યક્રમ પ્રસ્તુત કરી લોકોને ભરપૂર મનોરંજન આપ્યું હતું.

આ પ્રસંગે ૬૦ જેટલા તેજસ્વી વિદ્યાર્થીઓને મૅડલ તથા પ્રમાણપત્રોનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું અને ૭૫ વર્ષ પૂર્ણ કરનાર વરિષ્ટ નાગરિકોનું શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય અશોકભાઈ પટેલ, મહાનગર પાલિકાના ડેપ્યુટી મેયર કાર્તિક પટેલ, નગરસેવકો, પૂર્વ કલેક્ટર નારાયણભાઈ મોદી, નાગરિક બૅન્કના પૂર્વ ઍમડી અશોકભાઈ પટેલ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

વસાહત મંડળના પ્રમુખ શિવાભાઈ પટેલે સ્વાગત પ્રવચન દરમ્યાન પ્રવૃત્તિ અહેવાલ આપ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ગુજરાત કોળી સમાજ વિકાસ નિગમના ઍમડી જશવંતભાઈ ગાંધી દ્વારા કરવામાં આવ્યું હતું.

## ઉમિયા માતાજી પરિસરમાં મંગળવારે ગરબા મહોત્સવ

ગાંધીનગર, તા. ૨૪

સૅક્ટર-૧૨માં સ્થિત ઉમિયા ધામ ખાતે શરદપૂર્ણિમા નિમિત્તે ગરબા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

કડવા પાટીદાર સમાજ, ગાંધીનગરના પ્રમુખ ભરતભાઈ બી પટેલ અને મહામંત્રી ભોળાભાઈ આઈ પટેલ દ્વારા એક અખબારી યાદીમાં આ માહિતી આપવામાં આવી છે. તા. ૨૭ ઑક્ટોબર ને મંગળવારે સાંજે ૮થી ૧૧ દરમ્યાન આ ગરબા મહોત્સવ યોજાશે.

ઉપરાંત, ઈનામપાત્ર વિદ્યાર્થીઓને તેમની માર્કશીટ તા. ૩૧ ઑક્ટોબર સુધીમાં કાર્યાલય ખાતે સભાસદની વિગત સાથે મોકલવા પણ તેમણે જણાવ્યું છે.

## મનોરંજન

**સિનેમેક્સ**

**સ્ક્રીન-૧**
શાનદાર
૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૫, ૭.૧૦, ૧૦.૧૫

**સ્ક્રીન-૨**
શાનદાર
૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૫, ૬.૧૦, ૯.૧૫

**સ્ક્રીન-૩**
પ્યાર કા પંચનામા-૨
૧૦.૧૫
તલવાર
૧.૦૦
ગુજ્જુભાઈ ધી ગ્રેટ
૩.૪૫
૧૦ ઈન્દ્રાધુકુલ્લા (તમિલ)
૬.૪૫
શાનદાર
૯.૪૫

**સ્ક્રીન-૪**
શાનદાર
૧૧.૦૦
પ્યાર કા પંચનામા-૨
૧.૪૫, ૪.૪૦, ૭.૩૫, ૧૦.૩૦

## સ્વર્ણિમ ગુજરાત સ્પૉર્ટ્સ યુનિવર્સિટી દ્વારા આસી. પ્રૉફેસરના ઈન્ટર્વ્યૂ મોકૂફ


ગાંધીનગર, તા. ૨૪

સ્વર્ણિમ ગુજરાત સ્પૉર્ટ્સ યુનિવર્સિટી દ્વારા તા. ૨૬ના રોજ આયોજિત કરવામાં આવેલા આસી. પ્રૉફેસરના ઈન્ટર્વ્યૂ ચૂંટણી આચાર સંહિતાને કારણે મોકૂફ કરવામાં આવ્યા છે.

કુલપતિ તથા રજિસ્ટ્રાર દ્વારા આ અંગેની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે કે ગુજરાત રાજ્ય ચૂંટણી પંચ દ્વારા રાજ્યમાં તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, મહાનગરપાલિકા વગેરેની સ્થાનિક સ્વરાજની ચૂંટણીની જાહેરાત થવાને લીધો રાજ્યમાં આદર્શ આચાર-સંહિતાનો અમલ શરૂ થઈ ગયો છે. આથી તા. ૨૬-૧૦-૨૦૧૫ના રોજ યોજાનાર આસીસ્ટન્ટ પ્રૉફેસરના ઈન્ટર્વ્યૂ યુનિવર્સિટીએ હાલ મોકૂફ રાખ્યા છે, જેની ઉમેદવારો તથા લાગતાવળગતાઓએ નોંધ લેવી એવી વિનંતી આ અખબારી યાદીમાં કરવામાં આવી છે.

# સાહિત્યપ્રચૂર 'ગુજરાત'નો દીપોત્સવી અંક

'ગુજરાત' સામયિકનો દીપોત્સવી અંક પ્રકાશિત થઈ ચૂક્યો છે એ સમાચાર ગઈકાલે આ જ સ્થાને પ્રકાશિત કરાયા હતા, જેના પ્રતિભાવ રૂપે આ અંકમાં શું છે? એવા સવાલો વાચકો તરફથી મળ્યા છે, જેનો ઉત્તર આપવાનો અત્રે પ્રયાસ છે.




ગઈકાલે અહીં જણાવાયું હતું કે આ અંકમાં ૧૦૦ સર્જકોની કૃતિઓને સ્થાન મળ્યું છે, જે પૈકી ૩૦ જેટલાં સર્જકો તો ગાંધીનગર શહેરનાં છે. આ ઉપરાંત ૪૯ ફોટોગ્રાફર્સ પૈકી એક ફોટોગ્રાફર પણ ગાંધીનગરના છે. આજે આ વિધાનમાં સુધારો કરીએ છીએ.

ગુજરાતના આ દીપોત્સવી અંકમાં કુલ ૧૭૩ કૃતિઓને સ્થાન મળ્યું છે એટલે એટલી જ સંખ્યામાં સાહિત્યસર્જકોનાં નામ આવે. અને ગાંધીનગરના ૩૦ નહીં, પરંતુ ૩૨ સાહિત્યસર્જકોને એમાં સ્થાન મળ્યું છે. ગઈકાલે ગાંધીનગરનાં જે સાહિત્ય સર્જકોનાં નામ નહોતાં લખાયાં એ આજે લખીએ છીએ. દોલત ભટ્ટનું નામ અભ્યાસલેખ સંપુટમાં છે, જેમણે 'રંગમંચ પર રમનારા' કૃતિ આપી છે અને કાવ્ય સંપુટમાં પ્રવીણ ગઢવીની કૃતિ છે, જેમની 'દિલ્હી-મોગલ ગાર્ડનમાં...' કૃતિ અહીં સમાવાઈ છે.

ક્યારેક ગુજરાત દીપોત્સવી અંકના બે ભાગ તૈયાર થયા છે, પરંતુ આ વખતે એક જ ભાગમાં આખોય અંક તૈયાર કરવામાં આવ્યો છે અને પોતાના ઈતિહાસમાં પ્રથમ વખત આટલો વહેલો દીપોત્સવી અંક તૈયાર કરવામાં આવ્યો છે. અગાઉ ધનતેરસને દિવસે આ અંક પ્રકાશિત કરાતો, પછી એ વહેલું થતું ગયું ને આ વખતે તો દિવાળીના ૧૯ દિવસ પહેલાં જ અંક પ્રકાશિત કરી દેવામાં આવ્યો છે!

આ વખતના અંકમાં અભ્યાસ




લેખ, નવલિકા, વિનોદિકા, નાટિકા, કાવ્ય અને ફોટોગ્રાફ્સ તથા ચિત્રો એમ કુલ છ વિભાગ રાખવામાં આવ્યા છે. અભ્યાસલેખ સંપુટમાં ૩૨ કૃતિઓ છે, જેમાં ગુણવંત શાહ, વિષ્ણુ પંડ્યા, યશવંત મહેતા, જોરાવરસિંહ જાદવ, ડૉ. ભગવાનદાસ પટેલ, યાસીન દલાલ, દોલત ભટ્ટ, ડૉ. માણેક પટેલ જેવાં ખ્યાત સર્જકોની કૃતિઓ છે. આમાં સાહિત્ય, ઈતિહાસ, કલા, શિક્ષણ, અધ્યાત્મ વિશેના અભ્યાસ લેખોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

નવલિકા સંપુટમાં ૩૫ કૃતિઓ સમાવવામાં આવી છે, જેમાં ભગવતીકુમાર શર્મા, મોહમ્મદ માંકડ, વર્ષા અડાલજા, કેશુભાઈ દેસાઈ, ડૉ. ચંદ્રકાન્ત મહેતા, નસીર ઈસમાઈલી, રાઘવજી માધડ જેવા જાણીતા સર્જકોની કૃતિઓને સ્થાન આપવામાં આવ્યું છે.

વિનોદિકા સંપુટમાં કુલ ૧૯ કૃતિઓ છે, જેમાં વિનોદ ભટ્ટ, રતિલાલ બોરીસાગર, નિરંજન ત્રિવેદી, નિર્મિશ ઠાકર, સાંઈરામ દવે અને હર્ષદ પંડ્યા જેવા જાણીતા સર્જકોની કૃતિઓ છે.

નાટિકા સંપુટમાં ૬ નાટકો સમાવાયાં છે, જેમાં હસમુખ બારાડી અને પ્રકાશ લાલા જેવા જાણીતા સર્જકોનાં નાટકો છે.

કાવ્ય સંપુટમાં કૃતિઓની સંખ્યા સૌથી વધુ છે. કુલ ૧૦૦ કાવ્યો અહીં સમાવાયાં છે, જેમાં રઘુવીર ચૌધરી, ચંદ્રકાન્ત શેઠ, હરિકૃષ્ણ પાઠક, જલન માતરી, માધવ રામાનુજ, રાજેશ વ્યાસ, યોસેફ મેકવાન, ધૂની માંડલિયા, નીતિન વડગામા, કિસન સોસા, હર્ષ બ્રહ્મભટ્ટ, ભાગ્યેશ જહા, અંકિત ત્રિવેદી, હર્ષદ ત્રિવેદી, હરદ્વાર ગોસ્વામી જેવા જાણીતા સર્જકોની કૃતિઓ સામેલ છે.

પ્રકાશક પાના પછી મુખ્યમંત્રીનો સંદેશ બે પાનાંમાં છે, જેમાં ગુજરાત વિકાસની વાત એમણે કરી છે. 'ગુજરાત એટલે દેશના વિકાસનો શ્વાસ, ગુજરાત એટલે સફળતા અને શાંતિનો અહેસાસ, ગુજરાત એટલે સૌહાર્દ, સલામતી અને પ્રગતિનું અદ્ભૂત ઝરણું...' એ શબ્દો એમણે અહીં લખ્યા છે.

એ પછી માહિતી અને પ્રસારણ વિભાગના સચિવ અજય ભાદુનો સંદેશ છે, જેમાં દિપાવલીની વાત કરાઈ છે. માહિતી કમિશનર ઍસ બી રાવલના સંદેશમાં પણ એ જ પ્રકારની વાત છે અને એ પછી અનુક્રમણિકા છે.

અને છેલ્લે, ગઈકાલની વાત અહીં દોહરાવીએ છીએ. કવર પાનાં સહિત ૪૯૨ જેટલાં સુંદર પાનાંમાં સજેલો ગુજરાતનો આ દીપોત્સવી અંક તેમાં આપવામાં આવેલા ૪૯ જેટલાં અફલાતૂન ફોટોગ્રાફ્સને કારણે વધુ સુંદરતાથી ઓપી રહ્યો છે.

અંક તૈયાર કરનાર માહિતી કમિશનર કચેરીની સમગ્ર ટીમને દિલથી અભિનંદન.

## 'બેટી બચાવો' ઝુંબેશને આગળ ધપાવતી એક રાજસ્થાની ફિલ્મ : 'જીવતી રહે બેટી'



ગાંધીનગર, તા. ૨૪

'બેટી બચાવો' ઝૂંબેશમાં પોતાનું યોગદાન આપવા એક રાજસ્થાની ફિલ્મ તૈયાર થઈ છે, જેનું નામ છે 'જીવતી રહે બેટી.'

રાજસ્થાનમાં શૂટ કરાયેલી ફિલ્મના દિગ્દર્શક છે સની અગરવાલ અને માનવ અધિકાર માટે કાર્યરત જૂથો, સ્વૈચ્છિક સંસ્થાઓ અને રાજ્ય સરકારને સમર્થન આપવાના ભાગરૂપે આ ફિલ્મ તૈયાર કરવામાં આવી છે.

એક સામાજિક ઉદ્દેશ તરીકે રવિવારે સિટી પલ્સ થિયેટરમાં અગરવાલ સમુદાયના ૧૫૦૦ દર્શકોને આ ફિલ્મ દર્શાવવાનું આયોજન પણ કરવામાં આવ્યું છે.

આ ફિલ્મ એ શ્યામ ગૃપ ઑફ કંપનીઝના ઍચ પી ગુપ્તાનું માનસ સંતાન છે, જેઓ આ પ્રકારના સામાજિક ઉદ્દેશો સાથે હંમેશાં સંકળાયેલા રહ્યા છે. ફિલ્મ અંગે તેમણે જણાવ્યું કે 'સમગ્ર સમાજ માટે આ એક પ્રેરણાદાયી ફિલ્મ છે કારણ કે તે સમાજમાં બેટીનું મહત્ત્વ સમજાવે છે.'

રવિવારે ફિલ્મના ખાસ સ્ક્રિનિંગ પ્રસંગે રાજ્યના રાજ્યપાલ તથા મંત્રીઓને પણ આમંત્રણ પાઠવવામાં આવ્યું છે અને ફિલ્મના શો માટે મલ્ટીપ્લેક્સમાં પાંચ સ્ક્રીન બૂક કરવામાં આવ્યા છે.

ફિલ્મ સાથે સંકળાયેલા બાબુલાલજી રૂંગટાએ જણાવ્યું હતું કે આપણે ત્યાં ગુજરાત જેવાં ઘણાં રાજ્યોમાં જીવનધોરણ ઉંચું છે, પરંતુ ત્યાં પણ સ્ત્રી ભૃણ હત્યાનો આંક શરમજનક હદે ઉંચો છે. અને પુરુષોની સરખામણીએ સ્ત્રીઓનો જન્મદર ને સંખ્યા પણ ચિંતાજનક રીતે ઓછી છે. આ અસમાનતાને દૂર કરવા માટે કેન્દ્ર તથા રાજ્ય સરકારના પ્રયાસોને બળ આપવા માટે ફિલ્મ તૈયાર કરવામાં આવી છે.